

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર

# પરજિયા સોની સંદેશ

સર્વોનું... સુવર્ણ ગૌરવ

Email: sonisandesh1@gmail.com
www.parajiyasoni.in

વર્ષ : ૩૫ અંક : ૧ પાના : ૨૪ તંત્રી : ભરત કે. સતિકુંવર જાન્યુઆરી – ૨૦૨૪ મૂલ્ય : રૂ.૧૨/–





॥ જય શ્રી રાંદલ મા ॥

## સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા અને તેમના ધર્મપત્ની
## સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાયા (નાંદુરી) ના પુણ્ય સ્મરણાર્થે




સ્વ.જશોદાબેન
ઓધવજીભાઈ વાયા



સ્વ.ઓધવજીભાઈ
જેઠાભાઈ વાયા

'સોની સંદેશ'
નિભાવ ફંડના
મુખ્ય દાતા





સ્વ.ગોરધનદાસ
ઓધવજીભાઈ વાયા



સ્વ.મગનભાઈ
ઓધવજીભાઈ વાયા

# અતિથી દેવો ભવ :

## ગોવિંદભાઈ પી. જેરામ, શ્રીમતી મધુબેન જેરામ અને ઉર્મીલાબેનનું સોની વાડીને આંગણે ઉષ્માભર્યુ સ્વાગત



શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી સંચાલિત સોની વાડીને આંગણે નૈરોબીથી ભારતના પ્રવાસ પર આવેલ દાતા અને ટ્રસ્ટી શ્રી ગોવિંદભાઈ પી. જેરામ તેમના પત્ની શ્રીમતી મધુબેન ગોવિંદભાઈ જેરામ અને સંત્સગ મંડળના અગ્રણી ઉમીલાબેન દુર્લભજીભાઈ વાયાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.



ભારતીય સંસ્કૃતિ મુજબ સંસ્થાના પ્રમુખ શ્રી વિજયભાઈ હંસરાજભાઈ સતીકુંવર, સર્વે પદાધિકારીઓ, સમિતી સભ્યો, પૂર્વ પ્રમુખ શ્રી વલ્લભભાઈ ધોરડા, જયસુખભાઈ જીણાદ્રા, દિનેશભાઈ સતીકુંવરએ શ્રી ગોવિંદભાઈ જેરામ, શ્રીમતી મધુબેન અને ઉર્મીલાબેનનું શાલ ઓઢાડી અને માતાજીની ચુંદડી પ્રસાદી સ્વરૂપે આપી ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું.

નારી તુ નારાયણી સુવર્ણ મહિલા સંગઠનના પ્રમુખ નીલાબેન રાઠોડ, અને સમિતીની બહેનોએ શ્રીમતી મધુબેન ગોવિંદભાઈ જેરામ અને સંત્સગ મંડળના અગ્રણી ઉર્મીલાબેનનું શાલ, અને ભેટ આપી સ્વાગત કર્યુ હતું.

શ્રીમતી નીલાબેન રાઠોડ દ્વારા મહેમાનોને સોની વાડી સંસ્થાના કાર્યો સહિત નારી તું નારાયણી સુવર્ણ મહિલા સંગઠનના કાર્યો વિશે વિસ્તાર પૂર્વક માહિતી આપી હતી.

નૈરોબી પટ્ટની બ્રધરહુડના ચેરવુમન (પ્રમુખ) શ્રીમતી મધુબેને શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી દ્વારા



ચાલતી વિવિધ યોજનાઓ વિશે અને મુંબઈમાં બહેનો દ્વારા વિવિધ પ્રવૃતિઓને જાણીને આનંદ અનુભવતા કહયું હતું કે આવનારા સમયમાં સમાજની બહેનો પણ આગળ આવે તે માટે નૈરોબી અને મુંબઈની સંસ્થાઓ દ્વારા સહિયારા પ્રયત્નો કરવામાં આવશે.

પ્રબળ જ્ઞાતિ ભાવના ધરાવતા શ્રી ગોવિંદભાઈ જેરામ તરફથી શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીને



૨૧,૦૦૦ની માતબર રકમ દાન સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી. શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી અંતઃકરણથી તેમનો આભાર પ્રકટ કરે છે.



# જ્ઞાતી ગૌરવ

## ચિ. પૂજા યોગેશભાઈ સોની (સલ્લા)



આપણા સમાજની પ્રતિષ્ઠીત વ્યકિત ભેરાઈ વાળા હાલ કાંદીવલી શ્રી કાનજીભાઈ ડોસલભાઈ સલ્લાની પૌત્રી અને શ્રી યોગેશભાઈ તથા શ્રીમતી પ્રવિણાબેનની સુપુત્રી ચિ. પૂજાબેન સલ્લાએ શાળાકીય ભણતર મલાડમાં આવેલ ચિલ્ડ્રન એકેડમીમાં પૂર્ણ કર્યા બાદ સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી **(SPIT)** થી **M.C. A. C.** માસ્ટર ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન)માં ડિગ્રી મેળવી **BNP PARIBAS** માં ઉચ્ચ હોદા પર બિરાજે છે. ઉચ્ચ ભણતર પૂર્ણ કરી પ્રતિષ્ઠીત કંપની **BNP PARIBAS** માં ઉચ્ચ સ્થાન પર નિયુકત થઈ પોતાની ફરજ નિભાવતી પૂજાબેન અતિ વ્યસ્તતા વચ્ચે પણ સમાજ પ્રત્યે પોતાની ફરજ અને રૂણ ન ભૂલતા તેમણે પોતાની આવકમાંથી ૫૦,૦૦૦ની માતબર રકમ દાન સ્વરૂપે અર્પણ કરી છે.ઉંમર નાની પણ મન મોટું (ઉદાર) ધરાવતી દીકરી અને તેના પરિવારનો આભાર સહ અભિનંદન પાઠવતા હર્ષ અને ગર્વની લાગણી અનુભવે છે. સમાજના લાભાર્થે કેટલું આપો છો એના કરતા આપો છો એ મહત્ત્વનું છે.

## સુવર્ણ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી અભિનંદન



**ચિ. પૂજા યોગેશભાઈ સોની (સલ્લા) એ શિક્ષણ અર્થે રૂ ૭૫,૦૦૦ની લોન સુવર્ણ ચેરીટેબલ ટ્રસ્ટમાંથી લીધી હતી. તેમણે રૂા. ૧,૦૦,૦૦૦ (રૂ એક લાખ પૂરા) પરત કર્યા છે. ચિ. પૂજા યોગેશ સોનીને ખુબ ખુબ અભિનંદન સહ ભવિષ્યની અનંત શુભેચ્છા**



સોની બેંકવેટ હોલ
એસી હૉલ
૩૫૦-૪૫૦
મહેમાનો માટે*
શુદ્ધ
શાકાહારી*
ઓપન કેટરર્સ*
આધુનિક સુવિધા ધરાવતા
ડિલક્સ AC રૂમ
સોની બેંકવેટ હોલ
શિંપોલી ક્રોસ લેન, ઓફ એસ. વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ - ૯૨.
મો. 93244 35547
ફોન : 2868 3905 / 2899 9097
Email : sonisandesh1@gmail.com
* (શરતો લાગુ)

શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

પરજિયા
**સોની સંદેશ**

<u>તંત્રી</u> :
**ભરત કે. સતિકુંવર**

❖

<u>**પ્રકાશન સ્થળ**</u>
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૪૦૦ ૦૯૨.

❖

<u>**મુખપત્રના માલિક**</u>
**શ્રી મુંબઈ ઉપનગર**
**પરજિયા સહકારી સોસાયટી**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૯૨.
ફોન : **022-2898 3905**
**022-2899 9097**
ફોન : **+91-93244 35547**
**Email: sonisandesh1@gmail.com**

❖

**મૂલ્ય : રૂા. ૧૨.૦૦**

❖

<u>**મુદ્રણ સ્થાન**</u>
**નવકાર કોમ્પ્યુટર્સ**
દુકાન નં. ૯, ગુલમોહર સોસાયટી,
હરીશંકર જોશી રોડ,
દહિસર (ઈસ્ટ),મુંબઈ – ૬૮

<u>**આજીવન લવાજમના દરો :**</u>

**ભારતમાં : રૂા. ૫૦૦/–**
**વિદેશમાં : રૂા. ૩૫૦૦/–**

લવાજમ તેમજ જાહેરાતના ચેક **'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'** **(Shree Mumbai Upnagar Parajiya Sahakari Society)** ના નામે મોકલવા.

# આ અંકમાં વાંચશો...

☛ તંત્રીના સથવારે...

☛ જીન્દગીને માણતા રહો

☛ સુંદર વાસ્તુ

☛ છેલ્લા ૧૫ વર્ષમાં કરવામાં આવેલ કાર્ય..

☛ વસરાયેલ વ્યકિત નાથાલાલ જગડા

☛ ભેટની યાદી

☛ ડૉ. રાધાકૃષ્ણન

## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

– કારોબારી કમિટિ

**'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી–લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.**

પરીશ્રમ એ સારા નસીબની જનની છે સફળતા મેળવવા માટે તમારે કોઈના આમંત્રણની જરૂર નથી પડતી

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

**★ એજ્યુકેશન ફંડ ★**

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

**★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★**

શ્રી બાબુભાઈ શામળદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ

શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

**★ આર્થિક સહાય ★**

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

**★ કાયમી દાતા ★**

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

**★ સમૂહ લગ્ન ★**

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

**★ વિકલાંગ સહાય ફંડ ★**

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

**★ નેત્રબિંદુ સહાય ફંડ ★**

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

**★ મેડીકલ સહાય ફંડ ★**

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ

સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

**★ સોની સંદેશ નિભાવ ફંડ ★**

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા (નાંદુરી), નૈરોબી

સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા

**★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★**

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ

સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

**★ આકસ્મીક સહાય ફંડ ★**

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)

ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર

વધુ વિગત માટે સંસ્થાની બેલેન્સ શીટમાં વર્ણવેલ મર્જર અકાઉન્ટ ને ધ્યાનમાં લેશો.

તંત્રીના સથવારે...

## આભાર



હું ભરત કનૈયાલાલ સતીકુંવર ઘણા વર્ષોથી તંત્રી રૂપે સેવા આપતો હતો. મને આ તક અને સાથ સહયોગ આપવા માટે સહુ પ્રથમ શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીના પ્રમુખ શ્રી વિજયભાઈ હંસરાજભાઈ સતીકુંવર, સર્વે પદાધિકારી, સમિતિ સદસ્યો, જ્ઞાતિજનો, સમાજ અગ્રણી, નારી તું નારાયણી સુવર્ણ મહિલા સંગઠન, શ્રી વાઘેશ્વરી સેવા સમિતિ મુંબઈ, પરજિયા સોની સુર્વણકાર યુવક મંડળ, સોની સંદેશમાં પોતાના લેખો આપનાર લેખક/લેખીકા, વાચક મિત્રો સહિત સમયાતંરે મને માર્ગદર્શન આપનાર, સારૂ લખવા માટે પ્રોત્સાહન આપનાર આપ સહુનો હદયથી આભાર પ્રકટ કરૂ છું.

સમાજના મુખપત્રમાં સમાજલક્ષી લખાણ હોવું જોઈએ વ્યકિત લક્ષી નહીં. જેમ અરીસો જે હોય તે જ દેખાડે તેવી રીતે લખાણ તો એ જ હોવું જોઈએ જેનાથી સમાજમાં જાગરૂકતા આવે. હું કોઈ લેખક નથી પણ સારૂ (કોઈને લગાડવા નહીં) અને સાચું લખવાનો પ્રયત્ન કર્યો છે.

– ભરત કે. સતીકુંવર

### –: અગત્યની સુચના :–

‘સોની સંદેશ’ ના સભ્યોને જણાવવાનું કે સોનીવાડી કાર્યાલયમાંથી દર મહિનાની ૨૦ તારીખે ‘સોની સંદેશ’ પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. જે સભ્યોને ‘સોની સંદેશ’ મેળવવામાં મુશ્કેલી આવી હોય તેમણે તેમના વિસ્તારની પોસ્ટ ઓફિસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી.

---

દરેક જ્ઞાતિબંધુઓ સહિત સંસ્થાઓને વિનંતી સાથે જણાવવાનું કે આપના તરફથી ‘સોની સંદેશ’ માં પ્રસિધ્ધ કરવા જે વિગતો આપવામાં આવે છે તે આપની સંસ્થાના લેટર પેડ ઉપર સ્વીકારવામાં આવશે તેમજ પ્રાસંગિક ફોટો કે લખાણ વોટસેપ ઉપર સ્વીકારવામાં આવશે નહી જેની નોંધ લેશો.

**હવે ‘સોની સંદેશ’ ડીજીટલ ફોર્મેટ માં વેબસાઈટ પર www.parajiyasoni.in**

## પ્રમુખ શ્રી ની કલમ



જય માતાજી જ્ઞાતિજનો,

આપ સહુ કુશળ મંગળ હશો. હું વિજય હંસરાજભાઈ સતીકુંવર શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીના પ્રમુખ તરીકેની જવાબદારી નીભાવી છે. તે સમયમાં ઉપપ્રમુખ જમનાદાસભાઈ ધકાણ, મંત્રી ચેતનભાઈ ઝવેરી, સહમંત્રી જીતુભાઈ સુરૂ, ધર્મેશભાઈ મીનાવાલા, ખજાનચી તરૂણભાઈ સોલંકી, સહખજાનચી ગિરીશભાઈ સાગર, સહિત વિજયભાઈ સાગર, નટુભાઈ સતીકુંવર, અમુભાઈ ઘઘડા, અશ્વીનભાઈ વાયા, તંત્રી ભરતભાઈ સતીકુંવર અને વિશેષ દાતાઓ સહિત આપ સહુના સાથ સહકાર અને વાડીની આવકમાંથી અનેક સેવા કાર્યો અને સહાય યોજનાનો લાભ જરૂરીયાતમંદ પરીવારો સુધી પહોચે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સહુપ્રથમ ડી.કે હોલમાં બીજે માળે પાઘડીથી આપવામાં આવેલી રૂમો પરત લેવામાં આવી, ડી.કે એ.સી હોલ બનાવવામાં આવ્યો, વી.વી. હોલમાં ડિલકસ રૂમો બનાવવામાં આવી, વી. વી. હોલની ટેરેસ મોબાઈલ ટાવર માટે આપવામાં આવી, કોરોના સમયમાં અનાજ અને આર્થિક સહાય આપવામાં આવી, સોની વાડીના ૬૦ વર્ષ પૂર્ણ થયા તે પ્રસંગે ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું તે સાથે જ એવોર્ડ પરંપરા શરૂ કરવામાં આવી જેમાં નકકી થયેલ નિયમો મુજબ જ્ઞાતિજનોને એવોર્ડ આપવામાં આવશે. તે સાથે અનેક સહાય યોજના અને સેવાકાર્ય સંસ્થાના નેજા હેઠળ કરવામાં આવતી હતી. જે આગળ પણ આજ પ્રકારે કે આનાથી સરસ અને વધુ સહાય લોકોને મળશે તેવી આશા સાથે નવ નિયુકત પ્રમુખ સહ સમગ્ર સમિતિને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા.


પ્રમુખ
શ્રી વિજયભાઈ હંસરાજભાઈ સતીકુંવર

## જીન્દગીને માણતા રહો

જીન્દગીને માણતા રહો,
અને જીન્દગીની મજા માણતા રહો,
ખુશમા રહી જીન્દગીને સંવારતા રહો,
ગમમા ડુબો નહિ, ગમમાં ડુબી દુઃખી ના થાઓ
જીવન છે શાને ઉદાસ રહેવુ !
ગમમા રહેશો તો, આ જીન્દગીની મજા માણી નહી શકો,
તો આનંદમાં રહો, અને આ જીન્દગીને માણતા રહો
રડવાથી નથી કશો ફાયદો,
રડતા રડતા જીવો નહી,
રડતા હશો તો કોઈ હસાવવા નહી આવે,
માટે અમુલ્ય જીંદગીની મજા હસતા હસતા માણો
દુઃખ આવશે જરૂર આવશે,
તો નિરાશ નહી થાઓ,
અને કરો દુઃખનો સામનો
દુઃખીને કોઈ દિલાસો દેવા નહી આવે,
અને આસુ લુછવા પણ નહી આવે,
તેથી બધુ ભૂલી જઈ જીન્દગી માણતા રહો
મનથી તૂટી નહી જાઓ,
હિંમત રાખી અડગ રહો,
ઝખમ દેવા આવશે આખો સંસાર ,
પણ ઘા ઉપર મલમ લગાડવા કોઈ નહી આવે
એટલે જ કહે છે ‘અમીત’ હસતા હસતા,
કે જીન્દગીની મજા માણતા રહો.
જીન્દગીની મજા માણતા રહો.

– અમૃતલાલ પી. સોની ‘અમિત’
(વેમ્બલી, લંડન)

## સુંદર વાસ્તુ



### વોશીંગ મશીન નો રંગ અને દીશા

વોશીંગ મશીન હમેશા સફેદ, ક્રીમ, સીલ્વર અને ગોલ્ડન રંગનુ હોવુ જોઈએ.

૧) વોશીંગ મશીન હમેશા વાયવ્ય (નોર્થવેસ્ટ) અથવા અગ્નિ (સાઉથઈસ્ટ) ખૂણામાં મુકવુ.
૨) વધુ પડતો પાણીનો વપરાશ રોકવા માટે વોશીંગ મશીનને ઈશાન (નોર્થઈસ્ટ) ખૂણામાં મુકવુ પરંતુ આ દીશામાં મુકવાથી સમારકામ નો ખર્ચ વધે છે અને મશીન નવુ લેવાનુ મન થાય છે.
૩) વોશીંગ મશીન લાલ, મરૂન, અને ગુલાબી રંગનુ કયારેય ન હોવુ જોઈએ કારણકે તેના કારણે પાણી નો વપરાશ બહુ થાય છે અને મશીન તકલીફ આપશે અને તેને બદલવાનુ મન થશે.
૪) જો વોશીંગ મશીન નો કલર વાદળી, આછો ગ્રે હોય અને એ ઈશાન (નોર્થઈસ્ટ) ખૂણામાં મુકવામાં આવે તો તમે વોશીંગ મશીન જુનુ થાય ત્યાં સુધી વાપરશો અને બદલવાનુ મન નહી થાય.
૫) વોશીંગ મશીન ઉત્તર અથવા પૂર્વની દીવાલ થી ત્રણ થી ચાર ઈંચ દૂર મુકવુ.
૬) વોશીંગ મશીનની નીચે પૈંડાવાળી ટ્રોલી લગાડવી પણ ઓટલા ઉપર મશીન કયારેય ન મુકવુ.

નોટ : આ ફક્ત ને ફક્ત સુંદર વાસ્તુ પરિવારનુ નિરીક્ષણ છે તેને બીજા કોઈ નિયમો સાથે સરખાવવુ નહી.

– ડૉ. નિલેશ એન. શાહ
મોબાઈલ : 9821148571

# શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી દ્વારા છેલ્લા ૧૫ વર્ષમાં કરવામાં આવેલ કાર્યના લેખા જોખા

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી દ્વારા છેલ્લા ૧૫ વર્ષમાં કરવામાં આવેલ કાર્યના લેખા જોખા શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી દ્વારા વર્ષોથી શિક્ષણ, આર્થિક, મેડીકલ સહિત લગભગ બાર (૧૨) જેટલી સહાય યોજના દાતાઓના અમુલ્ય સહયોગથી ચાલી રહી છે. તે સાથે સમૂહ લગ્ન, શિક્ષણ સમારોહ, કેરીયર ગાઈડન્સના કાર્યક્રમો કરવામાં આવે છે. હાલમાં સોની વાડીને ૬૦ વર્ષ પૂર્ણ થયા તે પ્રસંગે હિરક મહોત્સવની ઉજવણી કરવામાં આવી જેમાં ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું તે સાથે કાયમી ધોરણે એવોર્ડ શરૂ કરવામાં આવ્યા જેમાં દર વર્ષે વિવિધ ક્ષેત્રમાં કંઈક વિશેષ સિદ્ધી મેળવનારને, ઉત્કૃષ્ટ કાર્ય કરનાર ને જ્ઞાતિ રત્ન, જ્ઞાતિ વિભૂષણ, જ્ઞાતિ ભૂષણ અને જ્ઞાતિ ગૌરવ એવોર્ડથી સન્માનિત કરવામાં આવે. કોરોના સમયમાં આર્થિક સહાય અને અનાજ વિતરણ કરવામાં આવ્યું જેમાં દેશ–વિદેશમાં વસતા દાતાઓ મન મૂકી વરસ્યા હતા.

સોની વાડીમાં સમયની માંગ પ્રમાણે સમાજ અગ્રણી અને દાતા શ્રી ધર્મેશભાઈ હિંમતલાલ સતીકુંવરના સહયોગથી એ.સી હોલ બનાવવામાં આવ્યો. વી.વી. હોલમાં ડીલકસ રૂમો બનાવવામાં આવી. ડી.કે. હોલમાં બીજે માળે વરસોથી રહેતા ભાડુતને યોગ્ય વળતર આપી રૂમો આપણા તાબામાં લેવામાં આવી.નવી વાડી બનાવવું હાલમાં શકય ન હોવાથી તેને આવતા ૫/૭ વર્ષ સુધી કોઈ પણ જાતનો વાંધો ન આવે એ રીતે રીપેરીંગ કરાવી. આર્થિક સહાય મા વધારો કર્યો, શૈક્ષણિક સહાય મા વધારો કર્યો.

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીના પ્રમુખ શ્રી વિજયભાઈ હંસરાજભાઈ સતીકુંવરના નેતૃત્વમાં અથાગ મહેનત અને નિસ્વાર્થ ભાવથી સંસ્થાના દરેક પદાધિકારી અને સદસ્યોએ સેવા આપી છે.

હાલ સર્વે જ્ઞાતીજનોની એક જ ઈચ્છા છે કે આપણા સમાજની અમૂલ્ય ધરોહર જેના ૬૦ વર્ષ પૂર્ણ થયા અને તેની ઉજવણી કરવામાં આવી તે જ પ્રકારે અમૃત મહોત્સવ અને શતાબ્દી (૧૦૦) વર્ષ સોની વાડીના આંગણે ઉજવવામાં આવે અને તે સાથે વાડી કે સમાજને લગતા કાર્યક્રમ હોય તે માતાજીના સાનિધ્યમાં તેમના આર્શીવાદ સાથે ઉજવવામાં આવશે તેવી આશા સાથે જય માતાજી.

– સંકલન વિજય સાગર

**સોની સંદેશ ના માનનીય આજીવન સભ્ય,**

**જય માતાજી સહ આપ સૌને જણાવવાનું કે ઘણા વર્ષોથી મુંબઈથી પ્રસિધ્ધ થતા સમાજના મુખપત્ર સોની સંદેશ દ્વારા સમાજ ઉપયોગી માહિતી આપના સુધી પહોંચે છે. હાલ ડિજીટલ યુગ અને સગવડતાને ધ્યાનમાં રાખી સોની સંદેશને ડિજીટલ સ્વરૂપે મોકલવવાનું નકકી કરેલ છે. આપનો મોબાઈલ અને ઈમેઈલ આઈ–ડી સોની વાડીના મોબાઈલ નંબર 9324435547 અથવા sonisandesh1@gmail.com નંબર પર મોકલાવવા કરવા નમ્ર વિનંતી.**

## વિસરાયેલ વ્યકિત નાથાલાલ જગડા



મારે કોઈ હોદો નથી જોઈતો : નાથાલાલ જગડા

આજે આપણે એક મૂક અને નિસ્વાર્થ સેવક જેમણે કયારેય રાજકારણ કે પોતાની વગનો અંગત કામ માટે ઉપયોગ નથી કર્યો તેવા સ્વ શ્રી નાથાલાલ જગડા જેમને લોકો નાથા કાકાના નામથી વધારે જાણે છે તેમને લેખ દ્વારા યાદ કરીશું. આપણો સમાજમાં તેમની બહુ નોંધ લેવાઈ નથી. પરતું ગુજરાતની ભાજપ સરકારએ વિશેષ નોંધ લઈ અને તેમના કાર્યોને બિરદાવતા અને આવનારા સમયમાં પણ લોકોના હદયમાં તેમની સ્મૃતિ જીવંત રહે તે માટે અમદાવાદમાં એક બ્રીજને તેમનું નામ આપવામાં આપ્યું છે.

સ્વ શ્રી નાથા કાકા માટે કહેવાય છે કે હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના રાજકીય ગુરૂ છે. જે સમયે જનસંઘ નવું હતું ત્યારે કોઈપણ પ્રકારની વાહન વ્યવસ્થા ન હતી સ્કુટર અને સરકારી બસો (એસ.ટી.)માં આખુંએ ગુજરાત ખૂંદીને ગામે ગામ કોઈપણ અપેક્ષા ન રાખનારા કાર્યકર્તા તૈયાર કરી જનસંઘનો મજબૂત પાયો નાખનાર જે પાંચ / સાત આગેવાનો હતાં તેમાં શ્રી નાથા કાકાનો પણ સમાવેશ હતો. અમદાવાદમાં ૧૯૭૦ની સાલમાં પ્રથમવાર એક લાખ લોકોનો મોરચો નીકળ્યો હતો. તેમાં આવનાર કાર્યકતાઓના ભોજન માટે તેલના ડબ્બા એકત્ર કરવા કાલુપુરના તેલબજારમાં જાતે સ્કુટર પર ફરતા અને સ્વ શ્રી અટલ બિહારી વાજપેયીની વિશાળ સભા પૂરી થયાં પછી મંડપ છોડી નાખ્યા પછી જોયા છે. હાથમાં આવે તેટલી સૂતળી અને કાથી ભેગી કરતા પણ જોયા છે.

સ્વ શ્રી નાથા કાકાના મોટાભાઈ જેઓ એક હોટલમાં કામ કરતા હતા તે એકવાર અમદાવાદના રાયપુર ચકલા વાળા જનસંઘ કાર્યાલય પર આવ્યા હતા. ઘરની નબળી પરિસ્થિતિને કારણે ગુસ્સામાં હતા તે સમયે સ્વ શ્રી નાથા કાકા હાજર ન હતા. તેમણે ત્યાં હાજર રહેલા લોકોને કહયું કે તે આવે ત્યારે કહેજો કે તું હજુ મિનિસ્ટર નથી થઈ ગયો' જયારે નાથા કાકા આવ્યા ત્યારે તેમને ભાઈની નારાજગીની વાત મળી તો તેમણે કહયું કે મોટાભાઈની નારાજગી સાચી છે એ મને તમાચો મારે તો પણ તેમને હક છે. કારણ કે મે ઘરની કોઈ જવાબદારી નિભાવી નથી.

સ્વ શ્રી નાથા કાકાને કોઈપણ પદની લાલસા કયારે નહોતી. જનતા મોરચાની સરકાર વખતે બાબુભાઈ પટેલે તેમને એક મહત્ત્વનો હોદ્દો સંભાળવા માટે આગ્રહ કર્યો જેનો તેમણે નમ્રતાથી અસ્વીકાર કરતા કહયું હતું કે મારે સેવાકાર્ય કરવા છે તેના માટે કોઈ હોદ્દાની જરૂર નથી.


દેશના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ શ્રી અટલ બિહારી વાજપેયીજી અને સ્વ શ્રી નાથા કાકાનો જન્મ ૨૫ ડિસેમ્બરના દિવસે છે. એકનો સવારે અને બીજાનો સાંજે તેને લઈને તેઓ પોતાના વિનોદી સ્વભાવ મુજબ કહેતા કે જોયું સવાર અને સાંજમાં કેટલો ફરક છે.

સ્વ શ્રી નાથા કાકા એટલે સમાજની એક વિસરાયેલ વ્યકિત તેમના વિશે આજની અને આવનારી પેઢીને જરૂરથી જણાવવું જોઈએ કે હાલના આપણા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના તેઓ રાજકીય ગુરૂ હતા


સ્વ. શ્રી નાથા કાકાને જન્મદિવસ નિમિત્તે શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી તરફથી વંદન


માહિતી બદલ આભાર : શ્રી દર્શનભાઈ પાઠક, શ્રી હિરેનભાઈ પંડયા, શ્રી ભાવિનભાઈ સાગર


આંશિક ફેરફાર સાથે લે. ભરત કે. સતીકુંવર






**મેડીકલ કોર્સ માટેના પુસ્તકો જરૂર હોય તો નિશુલ્ક મેળવી શકે છે.**
**વધુ માહિતી માટે સંપર્ક : રાજુભાઈ સતીકુંવર, બોરીવલી**
**98206 59837**





















મજબૂરી એ આજના યુગની મોટામાં મોટી કમજોરી છે.

|| ૐ શ્રી શ્રી શ્રી સત્ય અનંત માધવાય નમઃ ||

વિશ્વ સનાતન ધર્મ સંસ્થાન દ્વારા આયોજિત



# શ્રીમદ્ ભાગવત કથામૃત અને ભવિષ્ય માલિકા

કલિયુગ અંત અને સત્યયુગ આગમન નો મહા સત્સંગ



કલિયુગ થી સંગમ, સંગમ થી અનંત યુગ, અનંત યુગ થી સંપૂર્ણ સત્યયુગ, અને ૬૦૦ વર્ષ પૂર્વ લખાયેલ ગુપ્તગ્રંથ ભવિષ્ય માલિકા નુ ચારો યુગ ( સત્ય યુગ, ત્રેતા, દ્વાપર, કલિયુગ) ગણના માં શું મહત્વ છે તે જાણો.

**૧૦ માર્ચ થી ૧૬ માર્ચ, ૨૦૨૪**
**સાંજે ૪:૦૦ થી ૭:૦૦ કલાકે**

શ્રી શ્યામ સત્સંગ ભવન, શ્યામજી બાપુ માર્ગ, કાંદિવલી વેસ્ટ મેટ્રો સ્ટેશન પાસે, કાંદિવલી વેસ્ટ, મુંબઈ.



|| કથાકાર ||
જગન્નાથ સંસ્કૃતિ ના વિશેષજ્ઞ
પરમ પૂજ્ય પંડિત શ્રી કાશીનાથ મિશ્રજી

મુખ્ય આકર્ષણઃ

* પ્રભાત ફેરી
* ત્રિસંધ્યા અને શ્રી જગન્નાથ ભગવાનની પૂજા
* મહા પુરુષ શ્રી અચ્યુતાનંદ દાસજી દ્વારા લખાયેલ ભવિષ્ય માલિકા શાસ્ત્ર પર ચર્ચા

https://www.youtube.com/@Kalki_Avatara
કલ્કી અવતાર યૂટ્યુબ ચેનલ

## (ભવિષ્ય માલિકા તથા ચાર યુગોની ગણના)

વિશ્વ સનાતન ધર્મ સંસ્થા દ્વારા શ્રીમદ્ ભાગવત કથા અમૃત ભવિષ્ય માલિકા તથા ચાર યુગોની ગણના નું આયોજન કરવામાં આવેલ છે.૬૦૦ વર્ષ પહેલા સંત અચ્યુતાનંદ દાસ (દ્વાપર યુગમાં ભગવાન શ્રી કૃષ્ણના પરમ મિત્ર સુદામાના અવતાર) દ્વારા લખાયેલ ભવિષ્ય માલિકા, વૈદિક શાસ્ત્રો તથા સંતોના આગમ વાણી આ વાતની પુષ્ટિ કરે છે કે આગળના સમયમાં આખા વિશ્વમાં આવી અનેક સભાઓ થશે જેનો લક્ષ્ય સંપૂર્ણ જગતમાં સનાતન ધર્મની પ્રતિષ્ઠા કરવાનો, સમસ્ત ભક્તો અને સંપૂર્ણ વૈદિક ધારાને ઉજ્જવળ કર ૧૬ મંડળનું ગઠન કરવાનો છે. આ વૈદિક ધારા દ્વારા કલિયુગ માં ઉદ્ધાર પામીને આદિ સતયુગ માં પ્રવેશ કરશે.

**આ મંગલમય આયોજનમાં આપ સૌને પરિવાર સાથે સાદર આમંત્રણ છે.**

# શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી
# તા. ૧–૧૨–૨૦૨૩ થી ૩૧–૧૨–૨૦૨૩ સુધી આવેલ ભેટની યાદી

## શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ દુબઈ એજયુકેશન ફંડ

૫૦,૦૦૦=૦૦ ગામ ભેરાઈ હાલ કાંદિવલી (પ.) ચી. પુજાબેન યોગેશભાઈ ધાનક દ્વારા એજ્યુકેશન ફંડમાં ભેટ

૫૧૧૧=૦૦ ગામ ગઢડા (સ્વામીના) હાલ બોરીવલી (પ.) સ્વ. ચંપાબેન જમનાદાસ ભાઈ ધકાણની ઉત્તરક્રિયા નિમિતે એજ્યુકેશન ફંડમાં અર્પણ હ, શ્રી પુનીતભાઈ જયેશભાઈ ધકાણ

૧૦૦૦=૦૦ મૂળ સાવરકુંડલા હાલ બોરીવલી શ્રીમાન દિનેશભાઈ વિઠ્ઠલદાસ સુરૂ તરફથી એજયુકેશન ફંડમાં ભેટ

૧૦૦૦=૦૦ તરૂણભાઈ ડાયાભાઈ સોલંકી મૂળ ગામ ટાણાવરણ હાલ મુંબઈ તરફથી સ્વ. ડાયાભાઈ સોલંકીની પ્રાર્થના સભા નિમીત્તે એજયુકેશન ફંડમાં ભેટ

## મેડીકલ સહાય ફંડ

૧૦૦૦=૦૦ મૂળ સાવરકુંડલા હાલ બોરીવલી શ્રીમાન દિનેશભાઈ વિઠ્ઠલદાસ સુરૂ તરફથી મેડીકલ સહાય ફંડમાં ભેટ

## સ્વ. રતીલાલ કરશનભાઈ ધકાણ સરસઈવાળા (દુબઈ) મેડીકલ
## આર્થિક સહાય ફંડમાં અર્પણ

૧૧૦૦=૦૦ મંજુબેન હિંમતલાલ ધાણક ગામ ઉના હાલ કાંદીવલી તરફથી સ્વ. હિંમતભાઈ સામજીભાઈ ધાણકની પ્રાર્થના સભા નિમીત્તે આર્થિક સહાય ફંડમાં અર્પણ

## ખુશીભેટ, વેવિશાળ, શુભલગ્ન, સીમંત કર પ્રસંગે ભેટ

૨૦૦=૦૦ જ્ઞાતિભાઈ તરફથી ખુશીભેટ

## શ્રી સમસ્ત પરજીયા સોની મહાજન સેવા ટ્રસ્ટ

૯૦૦૦=૦૦ પેટી નં. ૪૮ મહેશ અમૃતલાલ ધકાણ (ગઢડા સ્વામીના) શ્રીજી ડાઈસ કટીંગ



# N. H. Beauty Saloon


*Beautician : Rakhee Hitesh Satikuvar*

✆ 99309 09411 / 79773 34312

*Specialist in Bridal Make-up & Siders*


Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.


આઈટી ડિપ્લોમા કોર્સ માટેના અમુક પુસ્તકો સોની વાડીમાં ઉપલબ્ધ છે. કોઈને જરૂર હોય તો મેળવી શકે છે.





















# स्वाभिमान भारत

આપણું દેશ આપણું ગૌરવ

સમાચાર પત્ર તંત્રી : ભરત કે. સતીકુમાર

**MOBILE : 88 28 95 88 28**

YouTube Channel
SWABHIMAN BHARAT | PARAJIYA SONI

Website : www.swabhimanbharat.com

## ભાવપુર્ણ શ્રદ્ધાંજલી



# સોની ડાયાભાઈ હમીરભાઈ જીણાદ્રા

ઉંમર વર્ષ ૮૧, ગામ ટાણાવરલ વાળા હાલ મુંબઈ કાંદિવલી વેસ્ટ

અવસાન : ૨૮/૧૨/૨૩ ગુરુવાર ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે

પત્ની :– ગં. સ્વ. કલાવતીબેન ડાયાભાઈ જીણાદ્રા

પુત્ર :– તરુણભાઈ, કૌશીકભાઈ

પુત્રવધુ :– માધુરીબેન, શીતલબેન

પુત્રી :– હિનાબેન ભાવેશકુમાર જગડા

ભાઈ :– નાનુભાઈ, પ્રાણભાઈ / ભાભી:– હંસાબેન, હંસાબેન

ભત્રીજા : રીતેશ અને મોના / ભાવેશ અને વૈશાલી

બહેન :– સ્વ દિનાબેન હસમુખરાઈ થડેશ્વર, ગં. સ્વ વિણાબેન કિશોરભાઈ લુહાર

મોટા પપા :– રીતેશ, ભાવેશ, નીતા ભાવેશકુમાર ધકાણ, છાયા કમલેશકુમાર

પૌત્ર :– મિહિર, હર્ષ, યશ / પૌત્રી :– નવ્યા, ગ્રીષ્મા

દોહીત્ર :– દીપ, રાહુલ, માનવ, શ્રેય / દોહીત્રી :–જિમીષા

સસરા :– જુઠાભાઈ જીવાભાઈ કાગદડા પીઠવડી

## જીણાદ્રા પરિવારના જયશ્રી કૃષ્ણ

## દિકરી

કર્યા છે દીકરી માડી ના ખભા પર માથું રાખી ને રડતી જાય અને કહેતી જાય છે કે માડી ઘરે થી નીકળ્યા ત્યારે મને ખબર હતી કે મારા બાપ ના ખિસ્સા માં બસ વીસ રૂપિયા જ છે તોય એમણે જતા જતા એ રૂપિયા મારી ટિકિટ માટે આપી દીધા અને હવે પોતે ત્રણ ગાઉં નો પંથ ચાલતા જશે . મને ક્યારેય મારા બાપે મારી માની ખોટ વર્તવા નથી દીધી .અત્યારે જ્યારે ઈ કાલા વાલા કરતા હતા ત્યારે મારું હૈયું ભરાઈ જતું હતું પણ મારા બાપ ને હું ઓળખું છું હું રોવું તો એનું કાળજું ફાટી જાય એટલો કુમળા કાળજા નો મારો બાપ છે .દીકરી રડી રડી ને હૈયું હળવું કરતી હતી હું બરાબર પાછળ ની સીટ પર બેઠો હતો બાપ દીકરી નો સ્નેહ જોઈ ને હું પણ મારા આંસુડાં રોકવામાં અસફળ રહ્યો પણ મને ઈ દીકરી પર ગર્વ થયો કે બાપ ને માઠું ના લાગે એટલે સામે એક પણ આહુડું ના પાડ્યું ત્યારે પણ એને આહુંડા તો આવતા હતા પણ ઈ આહુંડા ને દીકરી પી જતી હતી આમ દુનિયા માં આંસુડાં પાડવા સહેલા છે પણ આંસુડાં ને પીવા એ બહુ અઘરું છે .. લોકકહેણી છે કે માં વિના દીકરી ઓશિયાળી હોય પણ વહાલા બાપ નો પ્રેમ દીકરા કરતા દીકરી પર હમેશાં વિશેષ રહ્યો છે .

ઈ સમયે મને કવિ દાદ બાપુ ની કવિતા યાદ આવી ગઈ

કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગયો
મારી મમતા રૂંવે જેમ વેળ્યું માં મારો વીરડો સુકાઈ ગયો
.... અને છેલ્લે

જાન ગઈ મારો જાન લઈને દાદ મારો સુનો માંડવડો ..

આ વાંચતા વાંચતા જો તમારી આંખના ખૂણા ભીના થાય તો સમજવું હજુ પણ હરી તમારા હૈયા માં બેઠો છે અને કોઈ ના દુખે દુઃખી થવાની જે આપણી પરંપરા છે એ હજુ પણ જળવાઈ રહી છે.

*Shadows & Shades by:*
*Namrata Soni*
*Professional Makeup & Hair Artist*

*9920970829*

**Services :**
Bridal | Wedding Siders | Party
Sangeet | Baby Shower
Celebrity Makeup
Water Proof Makeup
Ads-Photoshoot | Events
**PRODUCTS USED**
DIOR / Bobby Brown / Tarte / Toofaced / Huda Beauty / Myglamn / Nykaa/ Sehora



## ડૉ. રાધાકૃષ્ણન

વિજ્ઞાન વગર ધર્મ અંધ છે, ધર્મ વિના વિજ્ઞાન પંગુ છે. કારણ કે ઈશ્વર પ્રાપ્ય છે પણ બુદ્ધિથી ગ્રાહ્ય નથી.

આપણા રૂષીમુનીઓએ ધર્મની સાથે વિજ્ઞાન લીધા છે. આજના વૈજ્ઞાનિકો જે કહે છે તે ભારતના રૂષીએ વેદમાં વણી લીધું છે. જ્યારે વૈજ્ઞાનિકો ધર્મની સતત અવગણના કરે છે. એટલે અંધ બની વિનાશક માર્ગે આગળ વધે છે. આ સત્ય પ્રખર વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનનું છે. ડૉ. રાધાકૃષ્ણને એ વિધાનને આગળ ધરી સમજાવ્યું કે ઈશ્વર તો સદાય હૃદયથી પ્રાપ્ય છે. પરંતુ જ્યારથી બુદ્ધિએ માણસનો કબ્જો લીધો છે ત્યારથી એ કોઈથી પકડાતો જ નથી. હૃદય અને બુદ્ધિ બંને ભેગા બેસી એકરૂપ બની પરસ્પર ભાવનાને સમજ આગળ વધે તો ઈશ્વર સદાય સાથે જ અને પ્રાપ્ય છે. સામાન્ય વ્યવહારમાં પણ આ વાત લાગુ પડે છે. આપણા પૂર્વજ ભલે શિક્ષીત વધુ ન હતા પરંતુ હૃદય અને બુદ્ધિ સાથે જ રાખી સરળ, ભાવમય, શુદ્ધ, નિષ્ઠાભર્યું જીવન જીવતા હતા. એટલે ઈશ્વર સાથે પણ વાતો કરતા. હવેના બુદ્ધિના બાદશાહો ઈશ્વરથી તો સો ગાઉ છેટા રહે છે અને જીવનમાં પણ સદાય પાછા પડે છે. અંતકાળે થાકે ત્યારે સમજાય પરંતુ ગુરૂ નાનકની વાણીમાં ફીર પછતાઈ ક્યા હોત હૈ, જબ ચીડીયા ચૂગ ગઈ ખેત...

સૂર્યાસ્ત થયા પછી તો જગત આખું અંધકારમાં જ અટવાય છે. એટલે જીવનને, તેના મહાગુરૂને, તો હૃદયની સાથે બુદ્ધિ બંને સરળ અને શુદ્ધ રાખી સમજીએ અને ઈશ્વરની મૈત્રી માણીએ. જીવ અને શીવ તો બંને એક જ ઝાડના પક્ષી છે.

રમણ સપ્તર્ષિ



**ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ**

**(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)**

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ–૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

ઉષા જયેશ ધકાન

# શ્રી હરી કલેકશન

મુંબઈમાં સૌથી રીઝનેબલ ભાવનું બાંધણી કલેકશન કુર્તિ મટીરીયલ, ડ્રેસ મટિરીયલ, ઉપાડા સાડી, ઘરચોળા, ગજી સાડી, હેવી દુપટ્ટા, ગઢવાલ સાડી, ડિઝાઈનર સાડી, ચણિયા ચોળી મટિરીયલ, વગેરે માટેનું વિશ્વાસનીય સ્થળ

સોની સમાજ માટે વિશેષ છૂટ આજે જ પધારો

**સમય : સવારે ૧૦.૩૦ થી રાત્રે ૯.૦૦સુધી**

**બાંધણી સ્પેશીયલ સાડી, ડ્રેસ મટીરિયલ, કુર્તી મટીરિયલ, વગેરે**

સ્થળ : ૫, નિકિતા સી.એચ. એસ. લિમીટેડ, હરિશંકર જોષી રોડ, મધુરમ હૉલ પાસે, દહિસર (પૂર્વ), મુંબઈ – ૪૦૦૦૬૮. +91 98671 01734 E mail: shree_hari_collection

# કોમ્પ્યુટર સાક્ષરતા – સેવા યજ્ઞ અભિયાન

## સમાજ માટે રજુ કરે છે રાહત દરે કોમ્પ્યુટર સાક્ષરતા અભિયાન

કોમ્પ્યુટર શીખવુ એ આજના સમયની એક અગત્યની જરૂરીયાત છે, અને સ્વાવલંબી બનવા નો ઉત્તમ રસ્તો પણ. તમે કોમ્પ્યુટર શીખી કેરીયર નું ઘડતર કરી શકો. એ હેતુ થી નીચે મુજબ રાહત દરે કોમ્પ્યુટર શિક્ષણ અભિયાન શરૂ કર્યું છે.

**Basic Computer Course - 2100/- | Tally Prime - 5100/-**
**Desktop Publishing (DTP) - 5500/-**

વધુ માહિતી માટે સંપર્ક :

**બીનીતા કાગદડા શાહ - 9833293535**

## ★ ★ સોની સંદેશ જાહેરાતના નવા દર... ★ ★

**કલર પેજ એક અંકના – ફૂલ ₹3200/= આખા વર્ષના કલર પેજ – ₹ ૩૮૪૦૦/=**
**હાફ કલર પેજ એક અંકના – ₹ ૧૮૦૦/= આખા વર્ષની – ₹ ૨૧૬૦૦/=**
**બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ એક અંકના – ₹ ૧૮૦૦/=**
**આખા વર્ષની બ્લેક–વ્હાઈટ – ₹ ૨૧૬૦૦/=**
**હાફ પેજ એક અંકના ૧૦૦૦ આખા વર્ષના – ₹ ૧૨૦૦૦/=**
**એક અંકના કવાર્ટર પેજ – ₹ ૬૦૦/=**

| * ટચુકડી જાહેરાત * | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

| * ટચુકડી જાહેરાત * | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૩૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૨૫/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૭૫/- અંક દીઠ |

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.***
**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**

*condition apply.

| FOR DONATION FROM FOREIGN | | | |
|---|---|---|---|
| | **For USD** | **For USD** | **For GBP** |
| INTERMEDIARY | Bank of Baroda, | Bank of Baroda, | Bank of Baroda, |
| BANK | New York Branch | Brussels Branch | London Branch |
| SWIFT Code | BARBUS33 | BARBBEBB | BARBGB2L |

| | |
|---|---|
| Account with Institution SWIFT Code | Bank of Baroda, Business Financial Services Branch, Kandivali, Mumbai BARBINBBIBK |

| **Name with Address** | |
|---|---|
| Account Name | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society |
| Account Number | : 20260100023592 |

| **Bank Name** | **FOR DONATION IN INDIA** |
|---|---|
| **SBI Bank** | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| **UBI Bank** | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| **Kotak Bank** | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

# ભાવભરી શ્રદ્ધાંજલી



## સ્વ. શ્રી ડાયાભાઈ હમીરભાઈ જીણાદ્રા

(ઉં. ૮૧) – ગામ ટાણાવરલ હાલ કાંદીવલી

**શ્રીજી ચરણ તા. ૨૮/૧૨/૨૦૨૩ – ગુરૂવાર**

સ્વ શ્રી ડાયાભાઈ સોલંકી એટલે એક નિખાલસ, નિદોર્ષ વ્યકિતત્વ અને સોની વાડી કાર્યાલયના વાતાવરણને જીવંત રાખનાર.

સ્વ શ્રી ડાયાભાઈએ અનેક વર્ષો સોની વાડીમાં નિષ્ઠાપૂર્વક ફરજ નીભાવતા અને તે સાથે સોની વાડીમાં આવતા નાના બાળકો, યુવા કે વડીલ સર્વેને હંમેશ મીઠો આવકારો આપતા.

લોકો કામ કરીને થાક અનુભવતા જયારે હંરહંમેશ કામને સમર્પિત રહેતા ડાયાભાઈ કામ ન કરવાથી થાક અનુભવતા.

પરમ પિતા પરમેશ્વર  સ્વ શ્રી ડાયાભાઈ હમીરભાઈ સોલંકીની પવિત્ર આત્માને પોતાના ચરણોમાં સ્થાન અર્પે તેવી પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી.

શોકાતુર

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી

# શ્રધ્ધાંજલી



જન્મ
૨.૦૯.૧૯૩૭

સ્વર્ગવાસ
૨૨.૧૨.૨૦૨૩

## સ્વ. ચંપાબેન જમનાદાસ ધકાણ (ઉ.૮૬)

ગઢડા (સ્વામીના) નિવાસી હાલ બોરીવલી વેસ્ટ

**પરિવાર માટે સદૈવ પ્રેરક બની રહયાં, એવુ જીવન તમો જીવી ગયા
આપના પ્રેમ અને હુંફથી સંચિત અમારા પરિવારમા આપની ખોટ કયારેય નહિ પૂરાય,
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના**

પતિ : સ્વ. જમનાદાસભાઈ આત્મારામભાઈ ધકાણ
માતા પિતા : સ્વ. દિવાળીબેન વિઠલભાઈ શારદુલભાઈ સતીકુંવર(અમરાવતી)
પુત્ર : કમલેશભાઈ, જયેશભાઈ, કિરણભાઈ
પુત્રી : હંસાબેન હિંમતલાલ સતીકુંવર
લત્તાબેન દિગંબર ભારતી
નયનાબેન ભાસ્કરકુમાર સતીકુંવર
પુત્રવધુ : સરોજબેન, હર્ષાબેન, શોભનાબેન
પૌત્ર : મનીષ, વિપુલ,પિયુશ, ધર્મેશ, રાઝ
પૌત્રી : ઉર્વીબેન, રિધ્ધીબેન
પૌત્રવધુ : દર્શનાબેન, માધવીબેન, સોનીયાબેન, સુદેશનાબેન
વિહા, માહી, પિયા, દિયા, ઓમ, નિત્યા
ગઢડા(સ્વામીનાં) વાળાના જય સ્વામીનારાયણ

# દ્વિતીય પુણ્યતીથી



જન્મ
૧૨–૦૮–૧૯૩૩

શ્રીજી ચરણ
૧૫–૦૧–૨૦૨૨

## સોની આત્મારામભાઈ માણસુરભાઈ જગડા (ઉ.૮૯)

### બાબરા નિવાસી હાલ બોરીવલી વેસ્ટ

પિતા .. અમારૂ સાહસ અમારૂ મનોબળ અમારા પિતા
અમારી તાકાત અમારી ઓળખાણ અમારા પિતા
અમારા જીવનને સરળ બનાવનાર તારણહાર અમારા પિતા
આખા ઘરની રોનક એમનાથી ઘરનું માન અને મોભો અમારા પિતા
મકાનને ઘર બનાવનાર અમારા પિતા
વ્યકિત એક પણ વિશેષતાઓ અનેક એવા અમારા પિતા
પિતા સ્વરૂપે સર્જનહાર એવા અમારા પિતા

**શોક મગ્ન**

ધર્મ પત્ની : રમાબેન આત્મારામભાઈ જગડા
પુત્ર : કિરીટભાઈ આત્મારામભાઈ જગડા પુત્ર : ભરતભાઈ આત્મારામભાઈ જગડા
પૌત્ર : અમિત ભરતભાઈ જગડા પૌત્ર : અજય કિરીટભાઈ જગડા
પૌત્ર : અમરીશ ભરતભાઈ જગડા પુત્રવધુ : સરોજબેન કિરીટભાઈ જગડા
પુત્રવધુ : રૂપાબેન ભરતભાઈ જગડા પૌત્રવધુ : મીશા અમિત જગડા
પૌત્રવધુ : તન્વી અજય જગડા પરપૌત્ર : અંશ અમિત જગડા
પરપૌત્ર : હશ્વી અજય જગડા
અમૃતલાલ હમીરભાઈ ધાનક ભાવનગરવાળાના જમાઈ
બાબરાવાળા જગડા પરિવારના જય શ્રી કૃષ્ણ

PARAJIYA SONI SANDESH (Monthly) • JAN. 2024 • R.N.I. No. MAHGUJ/2008/26726 • Postal Regn.No. MNW/85/2022-2024
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

॥ જય શ્રી મોંમાઈ મા ॥

# 'સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા





## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા) ના પુણ્ય સ્મરણાર્થે



હસ્તે

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :

**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**

સંચાલિત

**પરજિયા સોની સંદેશ**

શિંપોલી ક્રોસ લેન, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૯૨. ફોન : ૨૮૯૮ ૩૯૦૫ / ૨૮૯૯ ૯૦૯૭

TO,